# પાલનપુરમાં નિવૃત શિક્ષકે મુગલકાળના ત્રણસો વર્ષ જૂના ૧૪ હજારથી વધુ દુર્લભ સિક્કા, નોટોનો સંગ્રહ કર્યો

## પાલનપુરના નિવૃત શિક્ષકનું ઘર બની ગયું એક સંગ્રહાલય

પાલનપુર, તા. ૭

લાજવાબ કે અફલાતૂન કહી શકાય એવું મ્યુઝિયમ જેમ-તેમ ઉભું નથી થતું. ત્યારે પાલનપુરના કલા શિક્ષક ચાર દિવાલને પકડીને બેસી રહેવાના બદલે એમણે કલાને શોખમાં ફેરવી નાખીને ઐતિહાસિક વસ્તુઓ એકઠી કરી એક સંગ્રહાલયને જન્મ આપ્યો છે. જેમને ૧૪ હજાર જેટલા ચાંદી, પિત્તળ, તાંબા અને પંચધાતુના દુર્લભ સિક્કા અને અવનવી વેરાયટીની ચલણી નોટો એકઠી કરી છે. જેનું આજે મૂલ્ય આંકી શકાય તેમ નથી. આ ઉપરાંત અન્ય એન્ટીક વસ્તુઓ તેમજ ૧૦ હજાર જેટલી ટપાલ ટિકટો પણ તેમને તેમના આ સંગ્રહાલયમાં સંગ્રહી રાખી છે. આમ આજની યુવા પેઢી માટે આ એક અજાયબી તરીકે પણ ગણી શકાય તેમ છે.





પાલનપુરને જ કર્મભૂમિ બનાવનારા નિવૃત્ત ચિત્ર શિક્ષક રામચંદ્રભાઈ શંકરલાલ ચૌહાણને. જેમને પોતાના ઘરને એક ઐતિહાસિક ચીજવસ્તુઓનું સંગ્રહાલય બનાવ્યું છે. મુલાકાત લેતાં તેઓએ જણાવ્યું હતું કે, 'મારા પિતાને અવનવી ચીજવસ્તુઓ અને એન્ટીક વસ્તુઓ સંગ્રહ કરવાનો શોખ હતો. તેમની પ્રેરણાથી હું પણ લગભગ ૫૦ વર્ષ ઉપરાંતથી એન્ટીક વસ્તુઓ એકઠી કરી રહ્યો છું. જેમાં ઐતિહાસિક બની ગયેલા એટલે કે ત્રણસો વર્ષ જૂના જૈન આગમ, ક્ષત્રપ કાળના ૧ આનાથી લઈ ૧૦ રૂપિયા સુધીના લગભગ૧૪ હજાર જેટલા ચાંદી, પિત્તળ, તાંબા અને પંચધાતુના દુર્લભ સિક્કાઓ છે. જેનું આજે મૂલ્ય આંકી શકાય તેમ નથી.

જુદીજુદી ચીજવસ્તુ એકઠી કરવાનો શોખ તો ઘણા લોકોને હોય, પણ એકઠી કરવામાં આવેલી ચીજવસ્તુઓનું પ્રાચીન-ઐતિહાસિક મૂલ્ય બહુ ઓછા પાલનપુરના લોકો સમજતાં હોય છે.' આમ તેમને અત્યાર સુધીમાં લગભગ ૪ થી ૫ લાખ સુધીની એન્ટીક વસ્તુઓ એકઠી કરી છે. જે આજની યુવા પેઢી માટે નોલેજની સાથે સાથે એક અજાયબી તરીકે પણ ગણી શકાય તેમ છે.

નિવૃત્ત શિક્ષક ઐતિહાસિક વસ્તુઓ સિવાય અન્ય પણ ડીફેક્ટીવ ચલણી નોટો જેવી કે કોઈનો નંબર કપાઈ ગયો હોય, કોઈ નોટમાં કાગળનો ટુકડો વધારે બહાર લટકતો હોય, કોઈ નોટમાં ઉપરનો નંબર વચ્ચે આવી ગયો હોય તેવી પ્રિન્ટીંગ મિસ્ટેકવાળી ડીફેક્ટીવ નોટોનો સંગ્રહ, જેમાં ખાસ નંબરવાળી નોટો પણ છે. જેમાં એક જમાનાની દુર્લભ અઢી રૂપિયાની ચલણી નોટો સહિત જુદી રકમની જુના જમાનાની કોઈ દિવસ ના દેખી હોય તેવી અદભુત ચલણી નોટો સંગ્રહ કરવામાં આવ્યો છે તેમજ ૭૮૬, ૧૦૦૦૦૦, ૨૦૦૦૦૦, ૭૦૦૦૦૦ ધરાવતા નંબરોવાળી નોટો પણ એકઠી કરી છે

શિક્ષણ કાર્ય દરમિયાન શાળાના મૂકબધિર બાળકોને તેમના હાથ નીચે સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં કુલ ૧૬૦ કરતાં વધુ મેડલ અને પ્રમાણપત્ર મળ્યા હતા. તેમજ ૧૯૮૩ માં શાળાના મૂક-બધિર બાળક દ્વારા પેઈન્ટ કરવામાં આવેલા વાઘનાં ચિત્રને બ્રોન્ઝ મેડલ મળ્યા પછી જાપાન, રશિયા, કોરિયા, પોલેન્ડ, ઈજિપ્ત, આફ્રિકા અને બ્રિટન સહિતના દેશ દ્વારા આ શાળાનાં બાળકોને અધધ કહી શકાય એટલા મેડલ-એવોર્ડ પ્રાપ્ત કર્યા હતા. આમ અશક્ત બાળકના શિક્ષણમાં મહામૂલું યોગદાન આપવા બદલ ૧૯૯૮ માં રાષ્ટ્રપતિ કે.આર. નારાયણ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકે તેમને નવાજવામાં આવ્યા હતા.

### સેટિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભેગા કરવામાં આવશે તો જ અમારી છાતી છપ્પન ઈંચની રહેશે જ્યારે અમારા વડાપ્રધાન કહી રહ્યા છે કે, ઈટાલીની કોર્ટ ગાંધીનુંનામ લઈ રહી છેઅમે લઈ રહ્યા નથી. જંતરમંતર ખાતે પોતાના સંબોધનમાં કેજરીવાલે કહ્યુંહતું કે, ઈટાલિયનની કોર્ટ કહે છે પરંતુ સોનિયા ગાંધીનું નામ લેતા મોદી કેમ ડરી રહ્યા છે. હેલિકોપ્ટર સોદાબાજીમાં તપાસની પ્રગતિ અંગે પ્રશ્ન કરતા કેજરીવાલે કહ્યું હતું કે, તપાસમાં એક ઈંચ પણ પ્રગતિ થઈ નથી. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ પણ ભ્રષ્ટાચારની ગતિવિધિ યથાવતરીતે ચાલી રહી છે.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

આવતો હતો તે સિસ્ટમ ફરીથી શરું કરવાની તાતી જરૂર છે.

(૨) પ્રત્યેક ઘરની નીચે પાણી ભરવાનો મોટો ટાંકો બનાવી ઘરની છત પર વરસતું બધું પાણી આ ટાંકામાં ઉતારી શકાય એવી વ્યવસ્થા અતિ આવશ્યક છે.

(૩) ઘર વપરાશ અને ગટરનું પાણી પાઈપ વાટે જમીનમાં ઉતરે એવી વ્યવસ્થા હોવી જોઈએ. જેથી એ પાણી જમીનમાં આપોઆપ ફિલ્ટર થઈને ફરી ઉપયોગમાં આવી શકે.

(૪) જ્યાં જ્યાં પાકી સડકો છે ત્યાં ત્યાં તેના કિનારે કિનારે ખુલ્લી જગ્યાએ આખા રાજ્યમાં વૃક્ષો ઉગાડવાની યોજના બનાવવી જોઈએ. અને પ્રત્યેક ઘરની આગળ પાંચ વૃક્ષ ફરજિયાત બનાવવા જોઈએ. જેથી ભાવિ સંકટ ટાળી શકાય.

(૫) આપણા ઘરમાં હાથ મોં ધોતી વખતે કે સવારે બ્રશ કરતી વખતે આપણે મોટેભાગે નળ ચાલું જ રાખીએ છીએ. અને કેટલુય પાણી વ્યર્થ જતું રહે છે. તેને બદલે જરૂર પડે ત્યારે જ નળ ચાલું કરવો જોઈએ.

(૬) ઘરમાં કામવાળી જ્યારે કપડા ધોવા બેસે છે ત્યારે એ નળ ચાલું રાખીને જ કપડા ધોવે છે પાણીથી ડોલ ભરાઈ જાય તો પણ એ નળ બંધ નથી કરતી અને પાણી વ્યર્થ જાય છે. આપણે જોઈએ છીએ છતાંય કામવાળીને કશું જ નથી કહી શકતા. પાણીનો આ વ્યય તાત્કાલિક બંધ કરાવવો જોઈએ.

(૭) આપણે રોજ સાબુ, શેમ્પુ કે હેન્ડવોશ - કે ફેસવોશથી હાથ મોં ધોઈએ છીએ જેનાથી પાણી પ્રદુષિત થાય છે પહેલાના વખતમાં આ હાથ મોં માટી કે રાખથી ધોવાતા. જેને કારણે પાણી પ્રદુષિત થતું નહી અને એ પાણી જમીનમાં ઉતરતા બીજી વખત એનો તરત ઉપયોગ થઈ શકતો. વળી માટીની સાથે પાણી જમીનમાં ઉતરતા એને શુદ્ધ કરવા માટે મોટા મોટા મશીનો - ફિલ્ટરેશન, જલશુદ્ધિકરણના યંત્રો નહોતા લગાડવા પડતા. એટલે જ આપણા પૂર્વજો હાથ મોં માટી કે રાખથી સાફ કરતા હતા. આવી સગવડ હોય તો આજે અમલમાં મુકી શકાય.

(૮) અત્યારે ઉનાળો છે. સખત ગરમી પડે છે. આજે દરેક વ્યક્તિ દરરોજ લગભગ બે થી ત્રણ વખત સ્નાન કરે છે. અને ખુબ પાણી બગાડીએ છીએ. શક્ય હોય તો માત્ર એક જ વાર અથવા બીજી વખત રાત્રે માત્ર એક જ ડોલ પાણીથી નહાવું જોઈએ. જેથી પાણીનો બગાડ અટકશે.

(૯) અસંખ્ય સરકારી ઓફિસોમાં, હોસ્પિટલોમાં, જાહેર સ્થળોએ સરકારી કે ખાનગી નળ ખુલ્લા હોય છે જેમાંથી પાણી ૨૪ કલાક વહેતું રહે છે. આવા બિનવારસી નળ બંધ કરવાની તસ્દી આપણે લેવી જોઈએ. આ પણ એક પૂણ્યનું કામ છે.

(૧૦) પાણી પીતી વખતે ગ્લાસ અધુરો ના છોડવો.. આખો ગ્લાસ પાણી પીવું - અથવા પહેલેથી જ અડધો ગ્લાસ પાણી લેવું. કેમ કે એ અડધો ગ્લાસ કોઈ ગરીબની તરસ છીપાવી શકે છે.

આમ પાણીની સમસ્યા સામે અત્યારથી જો આ બધી કાળજી નહી લેવામાં આવે તો આવતી પેઢીઓ માટે સારું પાણી એક સ્વપ્ન સમાન બની જશે. અને જો પાણીની તરસને કારણે નિર્દોષ લોકો મરશે તો એ જ પાણી વિકરાળ રૂપ લઈને માણસ જાતને ખતમ કરી નાખતા સહેજેય નહી અચકાય એ પણ નક્કી છે. જળની અછતમાંથી જળપ્રલય જન્મે એ પહેલા આપણે સૌએ જળને બચાવીને, વૃક્ષો ઉગાડીને આપણું જીવ્યું સાર્થક કરવું જોઈએ.

તણખો - 'એક વ્યક્તિએ એક સંતને પૂછ્યું કે દેશમાં આટલી ગરમી કેમ પડે છે? તો સંતનો જવાબ સાંભળી પેલી વ્યક્તિ દંગ રહી ગઈ, સંતનો જવાબ હતો : માણસ જ માણસની ઈર્ષાની આગમાં સળગે છે તો ગરમી તો વધવાની જ ને?'

- 9426060601.india@gmail.com

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

કોઈક ગમતી પ્રવૃતિમાં બાળકને વાળતા જવાથી આગળ જતા ભણતરના ભાર સિવાયના રસ અને જગતનું એને પોતાને સ્વમેળે આકર્ષણ રહેતું થાય એવું પણ બને. એ માટે પહેલા એ સમજવું પડે કે બાળકને ખરેખર શેમાં રસ છે. એટલા માટે નહિ કે તમે ઈચ્છો છો પણ એટલા માટે કે એને ગમે છે એટલે સ્વીમીંગ કે બીજા કોઈ કેમ્પમાં મોકલવો હિતાવહ છે. એકાદ મહિનામાં કોઈ પારંગત કે ધનુર્ધર નથી થઈ જવાનું પણ મહાકીમતી રજાઓને જરૂર વગરના ટોળટપ્પા, પ્રવાસો કે ટીવી-મોબાઈલની માથા પચ્ચીસી કે પછી 'ઓહ નો અગેન ભણવાનું 'એવા હાયકારાવાળા કોચિંગ કલાસીસમાં રજાઓ અને વેકેશનની કીમતી ક્ષણો વેડફવા કરતા આ કાઈ ખોટું નથી...!!! વોટ યુ સે...?

વિસામો : 'ખાલી પડા હે કુછ દિન સે ઘર કે પાસ કા મેદાન, કોઈ મોબાઈલ બચ્ચો કી ગેંદ ચુરા લે ગયા હે'

-એક ચોટડુક વોટ્સએપ મેસેજ

- akurjt@gmail.com

### ગુલમોર

● ૪ પાનાનું ચાલુ...

દીકરીના બાપ થવાનું સદભાગ્ય તો ભગવાન શંકર, ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણનેય નથી મળ્યું. કદાચ એટલે જ એમણે ત્રિશૂલ, ધનુષ્ય અને સુદર્શન ચક્ર જેવાં હથિયારો હાથમાં લેવાં પડ્યાં હશે. શસ્ત્ર પણ શક્તિ છે. શક્તિ સ્ત્રીલિંગ છે. દીકરીની શક્તિ ન મળી હોય તેમણે આખરે શસ્ત્રથી ચલાવી લેવું પડે છે. ભગવાન મહાવીરને દીકરી હતી. એનું નામ પ્રિયદર્શના. ભગવાન મહાવીરે શસ્ત્ર હાથમાં ન લીધું. તેમણે જગતને કરુણાનું શાસ્ત્ર આપ્યું. સંસારને કાં તો શસ્ત્ર જોઈએ કાં તો શાસ્ત્ર જોઈએ. દીકરી હોય ત્યાં શસ્ત્રની ગરજ ટળી જાય છે.

સ્ટોપર : ''પ્રેમ એટલે કોઈ પણ અપેક્ષા વિનાનું સમર્પણ''

- મોરારિ બાપુ





## અરવલ્લીમાં વિકાસની હેલી : ૪૮.૩૯ કરોડના વિવિધ આયામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરાયું

નવરચિત અરવલ્લી જિલ્લામાં જિલ્લા સેવા સદન પાસે રૂ. ૨૯.૪૦ કરોડના ખર્ચે નવિન આકાર પામનાર જિલ્લા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત અને માલપુર અને ધનસુરા ગામમાં રૂ. ૧૮.૯૯ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગટર યોજનાનું લોકાર્પણ જિલ્લા પ્રભારી અને ગૃહ રાજયમંત્રી શ્રી રજનીકાન્ત પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. વિકાસના વિવિધ આયામોને પ્રજાર્પણ કરતા મંત્રી શ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, આદિજાતિ વસતિ ધરાવતા અંતરીયાળ ગામોની જનતાને છેક પાટનગર સુધી જવુ ન પડે તે માટે રાજય સરકાર ધ્વારા જિલ્લાના મુખ્ય મથકે આવા નવિન ભવનોનું નિર્માણ કાર્ય હાથ ધર્યુ છે. જેના થકી વહિવટી સાનૂકુળતા સધાતા લોકપયોગી કામ ઝડપથી થશે.

# પ્રાંતિજમાં ગેરકાયદેસર બાંધકામના વીજ કનેકશન બંધ કરવા માટે આદેશ

સલાલ, તા.૭

પ્રાંતિજ તાલુકામાં ખેડૂતોને પોતાના બોર ઉપર વીજ કનેકશન મેળવવા માટે ફાંફા મારવા પડે છે. જયારે પ્રાંતિજ શહેરના હાઈવે રોડ ઉપર થયેલ એક ગેર કાયદેસર બાંધકામને વીજ કનેકશન આપી વીજ પુરવઠો આપવામાં આવ્યા બાદ તાલુકા વિકાસ અધિકારીની તપાસમાં ગેરકાયદેસર બાંધકામ હોવાનું બહાર આવતાં વીજ કનેકશન રદ કરવાનો આદેશ કરવામાં આવ્યો હોવાથી ખેડૂતોમાં ભારે રોષ વ્યાપ્યો છે. પ્રાંતિજ શહેરના એક અગ્રણી ખેડૂતે જણાવ્યું હતું કે ખેડૂતોને વીજ જોડાણ માટે અરજી કર્યા બાદ ઘણો જ સમય રાહ જોવી પડે છે તેમ છતાં પણ વીજ જોડાણથી અનેક ખેડૂતો વંચીત છે.

જયારે પ્રાંતિજ શહેરના હાઈવે રોડની બાજુમાં ગેરકાયદેસર બાંધકામ કરી ચલાવાતી હોટલને પ્રાંતિજ યુજીવીસીએલ દ્વારા વીજ કનેકશન આપ્યું છે. જેનો સર્વે નંબર કે બાંધકામની મંજુરી જોવાની તસ્દી લીધી હતી. પ્રાંતિજની સીમમાં આવેલ સર્વે નં. બ્લોક નંબર ૧૬૨માં હોટલ બાંધી દેવામાં આવી છે જેને વીજ કનેકશન પણ આપવામાં આવ્યું હતું. પરંતુ મોડેથી જાગેલું તંત્ર તાલુકા વિકાસ અધિકારી પ્રાંતિજ દ્વારા તપાસ કરતાં બાંધકામની મંજુરી તેમજ ગેરકાયદેસર બાંધકામ હોવાથી યુજીવીસીએલને વીજ કનેકશન રદ કરવા આદેશ કરેલ છે. જે બાબત ખેડૂતોના ધ્યાને જતા તંત્ર ઉપર ખેડૂતો ભારે રોષે ભરાયા છે.

### ચાર્જશીટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તંગદીલી ફેલાવવા અને ચર્ચ તેમજ સંઘના નેતાઓ પર હુમલા કરવા માટેની જવાબદારી સોંપવામાં આવી હતી. મોટા કાવતરાના ભાગરૂપે જ ડી કંપનીના શાર્પશુટરોએ બીજી નવેમ્બર ૨૦૧૫ના દિવસે ગુજરાતમાં બે ભાજપના નેતા શિરીષ બંગાળી અને પ્રગ્નેશ મિસ્ત્રી પર હુમલા કરાવ્યા હતા. પકડી પાડવામાં આવ્યા બાદ શાર્પ શુટરો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૧૯૯૩માં મુંબઈના સિરિયલ બોમ્બ બ્લાસ્ટના આરોપી યાકુબ મેમણને ફાંસી આપવામાં આવ્યા બાદ તેને બદલો લેવા માટે આ હત્યાના અંજામ આપવાનુ ખતરનાક કામ કરાયુ હતુ.

તપાસ દરમિયાન એનઆઈએને જાણવા મળ્યુ છે કે ડી-કંપનીના પાકિસ્તાન સ્થિત સભ્ય જાવેદ ચિકના અને દક્ષિણ આફ્રિકા મૂળના જાહિદ મિયા ઉર્ફે જાજો હિન્દુ નેતાઓની હત્યાના મામલે માસ્ટરમાઈન્ડ હતા. તેમની બીજા નેતાઓની હત્યા કરવાની પણ યોજના હતી. હુમલો કરનાર કેટલાક ખતરનાક કાવતરા ધરાવતા હતા. દેશમાં ટેન્શન ફેલાવી દેવા માટેની આ નિતી હતી. ભાજપ અને સંઘના નેતાઓની એક હિટલિસ્ટ તૈયાર કરવામાં આવી હતી

### કેસ નોંધાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહુડા માતા સ્ટેન્ડ, શુકલવાસ, રાવળવાસ, માંડવી ચકલા, ઘાંચીની ખડકી વિસ્તારમાંથી લિકેજીસ મળી આવ્યા હતા. આરોગ્ય તંત્રની ટીમે રાંધેજા ખાતે ધામા નાખ્યા છે અને આ લિકેજીસ દુરસ્ત કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

બળિયાનગર વિસ્તાર અને ભાગોળમાં આવેલ બોરના પાણીમાં ક્લોરીનેશનની માત્રા ખુબજ ઓછી જણાઈ હતી તેમજ કેટલાક વિસ્તારોમાં તો ક્લોરીનેશન જણાયુ પણ ન હતુ.

મળતી વિગતો પ્રમાણે રાંધેજા ગ્રામ પંચાયતને નોટીસ આપવા માટેની પણ આરોગ્યતંત્રએ કામગીરી શરૂ કરી દીધી છે અને સોમવારે આ નોટીસ પાઠવવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

રાંધેજા એ વેપારીમથક તરીકે પ્રખ્યાત છે એટલું જ નહિ આ ગામ એ જિલ્લાનું અને રાજ્યનું પ્રથમ રૂર્બન વિલેજ છે. આ ગામમાં ઉભી થયેલી આ સ્થિતિથી આરોગ્યતંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

રાંધેજાના ઝાડા-ઉલ્ટીના મળેલા કેસો જે મળ્યા છે તેને તંત્રએ અતિ ગંભીરતાથી લીધા છે એટલુ જ નહિ રવિવારની રજા હોવા છતાં સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાઈપલાઈનના લિકેજીસ પણ તાત્કાલિક દુરસ્ત કરાવવા માટેની કડક તાકીદ જિલ્લાતંત્ર દ્વારા પણ કરી દેવામાં આવી છે.

### પ્રવેશોત્સવ યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવેશોત્સવ ઉજવવામાં આવશે. જેમાં પણ પ્રથમ દિવસે સી અને ડી ગ્રેડ ગુણોત્સવમાં મેળવનાર શાળાઓને અગ્રતા આપવાના આદેશો અપાયા છે.

આ સૂત્રોએ એવું પણ જણાવ્યું છે કે જે ગામોમાં ડ્રોપ આઉટ રેસિયો વધારે નોંધાયો હોય તેને પણ અગ્રતા આપવાની રહેશે. પ્રવેશપાત્ર બાળકોના સર્વેલન્સમાં પણ કેટલીક નોંધપાત્ર સૂચનાઓ આપવામાં આવી છે જેમાં નાના ભૂલકાંઓ ન આવી જાય તેની પણ વિશેષ કાળજી લેવા માટે જણાવાયું છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા ગુણોત્સવનું પરિણામ એકાદ સપ્તાહમાં જાહેર કરી દેવાશે. જો કે આ માટેની રાહ જોયા વગર છેલ્લા વર્ષના પરિણામોને ધ્યાને રાખી રૂટો નિયત કરવામાં આવે તેવી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

આ વખતે તંત્ર દ્વારા પ્રા. શાળાઓમાં સુવિધા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નોને લઈ પણ વિશેષ પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ડિસેમ્બર માસમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી ગ્રામ્ય વિસ્તાર પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આ ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં ૧૦૦ ટકા નામાંકન થાય તેના પર પણ ખાસ આગ્રહ રાખવામાં આવ્યો છે.

### વૃક્ષોની કટોતી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ દરમિયાન ભયજનક જણાંતા ૭ વૃક્ષોને દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરમાં વન તંત્ર દ્વારા સુકા વૃક્ષો દુર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરમાં અંદાજીત ૧૧૦૦ જેટલા સુકાવૃક્ષો દુર કરવામાં આવશે.જયારે આ પૈકી ૪૦૦ જેટલા વૃક્ષો દુર કરી દેવાયા છે. બીજીતરફ શહેરના અરણ્યભવનમાં પણ વૃક્ષોનુ ટ્રીમીંગ હાથ ધરવામાં આવ્યુ છે. વન તંત્ર દ્વારા આ કામગીરી હાથ ધરાતા નગરના પ્રકૃતિ પ્રેમીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. તેમના જણાંવ્યા મુજબ અરણ્ય ભવનમાં વૃક્ષો સલામત હાલતમાં હોવાછતા તંત્ર દ્વારા હરિયાળા અને તોતિંગ વૃક્ષોનો સોથ વાળવામાં આવી રહયો છે.

બીજીતરફ સુત્રોના જણાંવ્યા મુજબ ગત ચોમાસા દરમિયાન પણ અરણ્યભવનમાં ભયજનક વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. જયારે વરસાદી દિવસો નજીકમાં છે ત્યારે આગામી ચોમાસા દરમિયાન વૃક્ષો ધરાશાયી ન થાય તે માટે ભયજનક વૃક્ષોને દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ તંત્ર દ્વારા તોતિંગ વૃક્ષોના ડાળા કાપી ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે ભયજનક જણાંતા ૩ વૃક્ષો પણ કાપી નાંખવામાં આવ્યા છે. સુત્રોના જણાંવ્યા મુજબ અરણ્યભવન નજીકના વિસ્તારમાં અંદાજિત ૭ જેટલા વૃક્ષો ભયજનક હાલતમાં છે. જયારે આ પૈકી ૩ જેટલા વૃક્ષો દુર કરી દેવાયા છે.

જયારે ૧૦૦ પૈકી ૨૦ વૃક્ષોનુ ટ્રીમીંગ કરી દેવાયુ છે. અરણ્યભવન નજીકના વિસ્તારમાં જ વૃક્ષાની કટોતી થતા વન વિભાગના નિવૃત ઉચ્ચ અધિકારીએ આ મામલે નારાજગી દાખવી વૃક્ષોની કટોતી અટકાવવા માટે તંત્રને જાણ કરી હતી. આ વૃક્ષો અંદાજિત ૩૦ વર્ષ જુના હોવાનુ મનાય છે.જયારે સિરસના વૃક્ષોની ઓર્નામેન્ટ પ્લાન્ટમાં સમાવેશ થતો હોવાનુ પણ વૃક્ષ પ્રમીઓ જણાંવી રહયા છે. એવુ માનવામાં આવી રહયુ છે કે કાર્બનનો સંગ્રહ કરતા આ વૃક્ષો જો ઓછા થઈ જશે તો કાર્બન ક્રેડીટમાં ઘટાડો થઈ જશે.

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT
Ramkrushna Paramhans VidyaSankul Near MahatmaMandir, 'KH' Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat)

IITE માં વિડિયોગ્રાફી, ફોટોગ્રાફી સંદર્ભે કરવાના થતા રેઈટ કોન્ટ્રાકટ અંગેના ભાવપત્રક

આઈ.આઈ.ટી.ઈ.ના સેકટર-૧૫માં વિડિયોગ્રાફી, ફોટોગ્રાફી સંદર્ભે કરવાના થતા રેઈટ કોન્ટ્રાકટ અંગેના ભાવપત્રક બંધ કવરમાં નીચેના સરનામે તા. ૧૯/૫/૧૬ સુધીમાં આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.iite.ac.in ઉપરથી અથવા યુનિવર્સિટીની ઓફીસ ખાતેથી મેળવી શકાશે.

બંધ કવરમાં ભાવપત્રક મોકલવાનું સરનામું
કુલસચિવશ્રી, ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન
રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,
ખ-રોડ, સેકટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬

તા. ૦૭/૦૫/૨૦૧૬ — કુલસચિવ (કા.)

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT
Ramkrushna Paramhans VidyaSankul Near MahatmaMandir, 'KH' Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat)

IITE માં પ્રિન્ટીંગ સંબંધિત કાર્યો અંગેના રેઈટ કોન્ટ્રાકટ અંગેના ભાવપત્રક

આઈ.આઈ.ટી.ઈ.ના સેકટર-૧૫માં પ્રિન્ટીંગ સંબંધિત કાર્યો અંગેના રેઈટ કોન્ટ્રાકટ અંગેના ભાવપત્રક બંધ કવરમાં નીચેના સરનામે તા. ૧૯/૫/૧૬ સુધીમાં આમંત્રિત કરવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.iite.ac.in ઉપરથી અથવા યુનિવર્સિટીની ઓફીસ ખાતેથી મેળવી શકાશે.

બંધ કવરમાં ભાવપત્રક મોકલવાનું સરનામું
કુલસચિવશ્રી, ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન
રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે,
ખ-રોડ, સેકટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬

તા. ૦૭/૦૫/૨૦૧૬ — કુલસચિવ (કા.)

ટચૂકડી જાહેર ખબર

વેચવાનો છે

કોમર્શીયલ પ્લોટ, ૩૩૩. વારનો, ગારમેન્ટ અને ટેક્ષટાઈલ માટે, પ્લોટ નં. એફ-૦૯, ગુજરાત ગારમેન્ટ ઝોન અને હોટલ મેનેજમેન્ટ કોલેજની જોડે, કુડાસણ

મો. ૯૩૨૭૦૪૨૬૮૫
(ભાગચંદ્ર)
મો. ૯૪૨૭૮૦૬૨૫૪

UNIT : VADILAL INDUSTRIES LTD.

Regd. Office : Vadilal House, Shrimali Society, Navrangpura, Ahmedabad, GUJARAT-380009

NOTICE hereby given that the certificate(s) in respect of below mentioned Equity shares of the company has / have been lost / misplaced /Stolen and the holder(s) of the said shares has / have applied to the company for issue of Diplicate share Certificate(s) in lieu of the original share certificate(s)

| Sr. No. | Name of Share Holders | Folio No. | No. of Shares | Certificate No. | Distinctive Nos. |
|---|---|---|---|---|---|
| 1 | Vishnuprasad M. Rami | V 01213 | 25 | 69503 | 6748206/230 |

Pubilic is cautioned against purchasing of otherwise dealing with the above mentioned share certificates. Any person having claims / objections in the said shares, should communicate to the Company at the Registered office of the company at the address given above within 15 days from the date of publication of this notice.

Failing which the Company shall proceed to issue Duplicate Share Certificates.

For, Name of Company
VADILAL IND. LTD.
Sd/-
Ruchita V. Gurjar
Company Secretory